મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૩૪ ટકા

ગાંધીનગર તાપમાન

# શહેરમાં પ્રતિભાશાળી મહિલાઓને સન્માનિત કરાઈ

ગાંધીનગર, તા.૯

વિશ્વ મહિલા દિવસના પરિપ્રેક્ષ્યમાં શહેરની સંસ્થા ઉદ્‌ગમ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા 'નારી શકિત કો સલામ' કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર તથા અમદાવાદની વિવિધ ક્ષેત્રમાં યશસ્વી કામગીરી કરનાર મહિલાઓને 'વુમન એચિવર્સ એવોર્ડ'થી સન્માનવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સન્માનિત કરાયેલ કુલ ૨૭ મહિલાઓ પૈકી ગાંધીનગરની દસ મહિલાઓને સન્માનિત કરવામાં આવી હતી જેમાં ૯૧ વર્ષીય સેવભાવી ઈન્દુબેન અમરાવતકરને લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ એનાયત કરાયો હતો.

આઠમા ઉદગમ વુમન્સ એચિવર્સ એવોર્ડસમાં ગાંધીનગરના ઈન્દુબેન અમરાવતકર ઉપરાંત સમાજ સેવા માટે રૂક્ષ્મણીબેન જાદવ, શિક્ષણ ક્ષેત્રે મણીબેન દેસાઈ, સાંસ્કૃતિક ક્ષેત્રે નેહલ ગઢવી, ઉદ્યોગ સાહસિકતા ક્ષેત્રે દક્ષાબેન દેસાઈ, કળા ક્ષેત્રે દક્ષા જાદવ અને બિન્ની દવે, આરોગ્ય ક્ષેત્રે ઈલા વોરા, રમતગમત ક્ષેત્રે દલપ્રિત કૌર તથા પત્રકારત્વ ક્ષેત્રે સ્વાતિ શુકલનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત આ સમારંભમાં દિવ્યાંગ કેટેગરીમાં દર્શિતા શાહ, ભાવિના પટેલ, લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ માટે વિદૂષી મંજુ મેહતા, સમાજસેવા માટે પિન્કીબેન ગાંધી તથા દુરેશ્વર સરેશવાળા, શિક્ષણમાં ડૉ. સંસ્કૃતિ મજમુદાર અને ડૉ. ફાલ્ગુની ઓઝા-વસાવડા, રમતગમતમાં અર્પી શાહ, કોર્પોરેટ ક્ષેત્રે અંકિતા સિંઘ, કલા સંસ્કૃતિમાં બીના મહેતા, ભૂમિકા ત્રિવેદી, બિરવા કુરેશી, ઉદ્યોગ સાહસિકતામાં હેતા ભટ્ટ, વિજ્ઞાનમાં મેઘા ભટ્ટ, પત્રકારત્વમાં ગોપી મણિયાર-ઘાંઘર, પ્રીતિ મહેતા, આરોગ્યમાં ઉર્વી હબનીસ વગેરેને સન્માનિત કરાયા હતાં.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે વુમનસેલના એડીજીપી અનિલ પ્રથમ, અતિથિ વિશેષ પદે નીતિન ચેરિટેબલ ટ્રસ્ટના ડૉ. નીતિન સુમંત શાહ, મુખ્ય માહિતી કમિશનર વી.એસ. ગઢવી, સંસ્થાના મેન્ટર આશાબેન સરવૈયા, માનદ નિયામક પરમજીત છાબડા ઉપરાંત મહિલા અગ્રણીઓ લતાબેન ચોકસી, શર્મિષ્ઠાબેન, મુકિતબેન વૈષ્ણવ, ડૉ. વર્ષાબેન પારેખ, મીનલબેન ઓઝા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુર જોશીએ તમામનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.



## આઈ લવ માય ગાંધીનગર



**માયા બી દવે**
ગૃહિણી

**ગાંધીનગર ગમે**

લીલાંછમ વૃક્ષો, ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી સાહિત્યિક પ્રવૃત્તિઓ અને રળિયામણું, શાંત, સુવિધાયુક્ત શહેર છે ગાંધીનગર, તેથી તે ગમે છે.

**નગરજનો**

વિવિધ પ્રદેશોમાંથી આવીને વસેલા નાગરિકોનું આ નગર છતાંય સામાજિક એકતાની સુગંધ પ્રસરાવી રહેલા નગરજનોએ આગવી છાપ ઊભી કરી છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

સેવાભાવી સંસ્થા વસાહત મહામંડળ, જુસિકા અને આત્મન ફાઉન્ડેશન, સંસ્કૃતિની સંસ્થા કલ્ચરલ ફોરમ, સાહિત્યની સંસ્થા ગાંધીનગર સાહિત્ય સભા, નવરાત્રિ ઉજવતાં સૅક્ટરનાં મંડળો અને કૂતરાં માટે રોટલા, લાડવા બનાવતી બહેનોનાં મહિલા મંડળો તથા જ્યોતિ મહિલા મંડળની પ્રવૃત્તિઓ મને ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

નગર સ્વચ્છ, સુંદર રહે, સુગ્રથિત આયોજનમાં દબાણો રહે નહિ, નાનાં-નાનાં ધાર્મિક સ્થાને રસ્તાને દબાણ કરવાને બદલે પ્રવૃત્તિમાં જ ઈશ્વરને નીરખીને પ્રાર્થના કરવાની ભાવના નાગરિકોમાં વિસ્તરે એ જ અભ્યર્થના. નગરજનો જળની કિંમત સમજીને પાણીનો વેડફાટ થતો અટકાવે એ જરૂરી લાગે છે.

**નગર માટે હું કરી શકું**

- લીલાંછમ વૃક્ષો જે સદાકાળ વસંતનો વૈભવ આપે છે તેનું જતન કરવું છે.
- વિવિધ સંસ્થાઓ દ્વારા યોજાતા કાર્યક્રમોમાં નગરજનો વધુ ને વધુ જોડાય તેવી જાગૃતિ ઊભી કરી શકું તેવું કરવું છે.
- નગરની સ્વચ્છતા વધુ ને વધુ જળવાય, સુઘડતા વધતી રહે તે માટેના પ્રયાસોમાં મારું યથાયોગ્ય યોગદાન આપવા માટે હું તૈયાર છું.

## @ગાંધીનગર

● સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા અને તેજ આઈ કેર ના સહયોગથી તેમજ વોર્ડ નં. ૭ના કોર્પોરેટર દ્વારા આજે બપોરે ૨.૦૦ કલાકે સરસ્વતી સ્કુલ સે-૯ ખાતે શાળાના વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક નેત્ર ચિકિત્સા કેમ્પ યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગરના સે-૧૧માં જીએસપીસી ભવન ખાતેથી એક બાઈકની ઉઠાંતરી થવા પામી છે. શહેરમાં વાહનચોરીનો વધતો સિલસિલો પોલીસ માટે માથાનો દુઃખાવો બની રહ્યો છે.


● ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજા પર જૂતાં ફેંકનાર આરોપી ગોપાલ ઈટાળિયાની ફરી એકવાર અટકાયત કરવામાં આવી છે. ગોપાલ ઈટાળિયા અગાઉ પણ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને ફોન કરીને વિવાદમાં ફસાઈ ચુકયો હોવાથી સરકાર તેને ગંભીરતાથી લઈ રહી હોય તેવું લાગી રહ્યું છે.

● ગાંધીનગરમાં સમી સાંજે છુટક છુટક વરસાદી છાંટાઓનો અનુભવ થયો હતો. માર્ચ માસના બીજા સપ્તાહમાં કમોસમી વરસાદની હવામાન શાસ્ત્રીઓની આગાહી કદાચ સાચી પડે તેવી શકયતાઓ જણાઈ રહી છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે એકસ-રે તથા સોનોગ્રાફી કરાવવા પૈસા જમા કરાવવાની બારીએ એક-બે કલાક સુધી કોઈ કર્મચારી ના હોવાથી દર્દીઓને હાલાકી ભોગવવી પડી હતી. ચાલુ સમયે બારી ખુલ્લી હોવા છતાં કર્મચારીઓની ગેરહાજરી સોશ્યલ મિડીયા પર વાઈરલ થવા પામી છે.

# વડાપ્રધાન નિકળ્યા બાદ રાત્રે ઘ-૦ સર્કલ નજીક કાર સળગી

## ફાયરબ્રિગેડે પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લીધી



ગાંધીનગર, તા.૯

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગઈ કાલે મોડી સાંજે ગાંધીનગરમાંથી પરત દિલ્હી જવા એરપોર્ટ રવાના થયા ત્યાર બાદ શહેરના ઘ-૦ સર્કલ નજીક એક કાર સળગી ઉઠવાની ઘટના સર્જાઈ હતી. નરોડાના સુનિલભાઈ નિશાત પોતાની મારૂતિ ફ્રંટી ગાડી લઈને ઘ-૦ તરફથી રાત્રે સાડા નવ વાગ્યાના અરસામાં પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન અચાનક શોર્ટ સર્કીટથી આગ ભભુકી ઉઠતા નાસભાગ મચી જવા પામી હતી. ગાંધીનગર ફાયર બ્રિગેડને આગ અંગે કોલ મળતા ફાયર ઓફીસર મહેશ મોડ તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને કાર પર પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લીધી હતી. સદભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાની કે કોઈને ઈજા થવા પામી ન હતી.

## ગાંધીનગર ફિઝિયોથેરેપી કોલેજની વઢવાણ ખાતે સેવા



ગાંધીનગરના સે-૧૨ સ્થિત સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરેપીને સુરેન્દ્રનગર પાસેના વઢવાણ સીટીમાં ફિઝિયોથેરેપી કેમ્પનું આયોજન કરવા આમંત્રણ મળ્યું હતું. આ કેમ્પમાં ફિઝિયોથેરેપી કોલેજના કો ઓર્ડિનેટર્સ ડૉ. પાર્થ ત્રિવેદી, ડૉ. મિનિતા ચૌહાણ, ડૉ. રૂચિર પટેલ તથા ડૉ. આશ્કા પટેલ તથા વિદ્યાર્થીઓએ મળીને કુલ ૧૪૨ દર્દીઓની વિના મૂલ્યે નિદાન તથા સારવાર સાથે માર્ગદર્શનની સેવા પુરી પાડી હતી. ગાંધીનગરની કોલેજને આટલે દુર-સુદુર સુધી નિઃશુલ્ક કેમ્પમાં સેવાઓ આપવા નિમંત્રવામાં આવે તે શહેર માટે ગૌરવપ્રદ બાબત છે.

# દારૂ ભરેલી રીક્ષાને ઘ-૦ સર્કલ નજીક અકસ્માત

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના ઘ-૦ સર્કલ નજીક આજે સવારે એક કાર અને રીક્ષા વચ્ચે સામાન્ય અકસ્માત સર્જાતા સે-૭ પોલીસ સ્થળ પર પહોંચી હતી. તપાસ અર્થે ગયેલી પોલીસે રીક્ષા ચેક કરતાં તેમાંથી દેશી દારૂની પોટલીઓનો જથ્થો મળી આવતા પોલીસ ચોંકી ગઈ હતી. દેશી દારૂનો ૩૦ લીટરનો જથ્થો જપ્ત કરીને પોલીસે બે ખેપીયાઓની ધરપકડ કરી લઈ દારૂ કયાંથી લવાયો હતો અને કયાં લઈ જવાઈ રહ્યો હતો તે સહિતની તપાસ શરુ કરી છે.

મળતી વિગતો મુજબ આજે સવારે સવા દશ વાગ્યાના અરસામાં ઘ-૦ સર્કલ પાસે કાર-રીક્ષા વચ્ચે સામાન્ય અકસ્માત તથા પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી. જો કે અકસ્માતમાં બંને વાહનોને નુકશાન સામાન્ય હોવાથી રીક્ષા ચાલક અને કાર ચાલક બંનેએ ફરિયાદ કરવાની ના પાડી દીધી હતી. પરંતુ દારૂની દુર્ગંધ આવતા પોલીસે રીક્ષામાં તપાસ કરી હતી. ડેકીમાં ચેક કરવામાં આવતા અંદરથી દેશી દારૂની પોટલીઓનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ૩૦ લીટરનો દેશી દારૂનો જથ્થો અને રીક્ષા જપ્ત કરી ચાંદલોડીયાના જયેશ રમેશ ઠાકોર અને શાહપુર અમદાવાદના મહેશ આશારામ દંતાણીની ધરપકડ કરી લીધી હતી. તે પૈકી એક શખ્સ દારૂ પીધેલ હાલતમાં હતો. કડીથી દારૂ ભરીને અમદાવાદ લઈ જવાઈ રહ્યો હોવાનું પ્રાથમિક પુછપરછમાં જાણવા મળ્યું છે. સે-૭ પીએસઆઈ વી.આર. પ્રજાપતિએ ગુનો દાખલ કરીને ઉંડી પુછપરછ આરંભી છે.



'નારી તું નારાયણી' વિષયે વિશ્વ મહિલા દિને સે-૮ની સરકારી પ્રાથમિક શાળામાં વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં બાળકોએ મહિલા શકિત અંગે ખૂબ જ ઉત્કૃષ્ઠ વકતવ્યો રજૂ કર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત વનશ્રી ટ્રસ્ટના ગ્રીન એમ્બેસેડર અંજના નિમાવત દ્વારા વિદ્યાર્થીઓને ઈનામો તથા પ્રમાણપત્રો આપી સન્માનવામાં આવ્યા હતા. આ કાર્યક્રમના આયોજન માટે શાળાના આચાર્યા રમીલાબેન તરફથી માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.

# ઉનાળામાં પક્ષીઓની તરસ છીપાવવા પક્ષી પરબનું વિતરણ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા શહેરમાં કાયમી વસવાટ કરતા પક્ષીઓને ઉનાળાની કાળઝાળ ગરમીમાં તરસ છીપાવવા પીવાનું પાણી મળી રહે તે હેતુથી વિના મુલ્યે પક્ષી પરબનું વિતરણ કરવામાં આવનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા દશ વર્ષથી નિયમિત આ સેવા થકી આશરે ૧૧ હજાર જેટલી પક્ષી પરબોનું વિતરણ કરવામાં આવી ચુકયું છે. આ સેવામાં જોડાવા શહેરના પક્ષી પ્રેમીઓ તથા પર્યાવરણ પ્રેમી નગરજનોને જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

પક્ષી પરબ નીચેના સરનામેથી મેળવી શકાશે. ● અરૂણ બુચ-અષ્ટલક્ષ્મી એપાર્ટમેન્ટ પ્લોટ ૨૨૦, સે-૨૦ ● મયુર વ્યાસ-પ્લોટ ૧૨૬૦/૧, સે-૭-ડી ● શશીકાંતભાઈ મોઢા-પ્લોટ -ક ૪૮-૧, સે-૪-એ ● નિલેન્દુ વોરા-પ્લોટ ૪૪૫/૧, સે-૫-એ ● જયેશભાઈ-સે-૫-એ ● સુધીર દેસાઈ-શ્રીધર એપાર્ટમેન્ટ, ૫૫૮, સે-૨૩ ● નિસર્ગ બુચ-મયુર એપાર્ટમેન્ટ, સે-૨૮ ● સુનિલભાઈ શાહ-કે-૧૧૬, ગ્રીનસીટી વસાહત, સે-૨૬ ● કિશોર જીકાદરા-૧૪૨, સર્વોદયનગર સોસાયટી, સે-૩૦ ● પ્રદિપ સોલંકી-૨૦૨-જય યોગેશ્વર કોમ્પ્લેક્ષ-કુડાસણ પાટીયા.

## ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળ તથા શહેરીજન સંસ્થા સે-૭-ડીની સંયુકત મીટીંગ ૧૧મીએ યોજાશે

ગાંધીનગર, તા.૯

સેકટર-૭-ડી ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળની દ્વિમાસિક સામાન્ય સભા અને શહેરીજન સંસ્થાની કારોબારી સમિતિની સંયુકત બેઠક તા. ૧૧મી માર્ચના સાંજે પાંચ વાગે શ્રી ચૌધરી વિદ્યાલય સંકુલ ખાતે યોજવામાં આવે છે. જેમાં સર્વે સભ્યશ્રીઓને હાજર રહેવા જણાવવામાં આવેલ છે. બેઠકમાં સાંપ્રત પ્રશ્નો અને સમસ્યાઓ પરત્વે ચર્ચા કરવામાં આવશે. કાર્યકારી પ્રમુખશ્રી સુમંતભાઈ એમ. શાહે જણાવેલ છે.

## રેશનલ સમાજની બેઠક

રેશનલ સમાજ ગાંધીનગરની નિયમિત મળતી બેઠક આગામી તા. ૧૧-૩-૨૦૧૭ને શનિવારે સાંજે ૫.૦૦ વાગે નિસર્ગ સાયન્સ સેન્ટર, સે-૨૩ ગાંધીનગર ખાતે મળશે. આ બેઠકમાં સર્વે સભાસદ મિત્રોને સમયસર ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## મૃતાત્માઓના આત્માની શાંતિ માટે પ્રાર્થના પુષ્પાંજલિ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા કરવામાં આવતી નિઃશુલ્ક અસ્થિ વિસર્જન સેવાના ભાગ રુપે તા. ૧૧-૩-૨૦૧૭ના રોજ સવારે ૯.૧૫ કલાકે અંતિમધામ સે-૩૦ ખાતે તા. ૯-૧૨-૧૬થી તા. ૧૦-૩-૨૦૧૭ દરમિયાન ગાંધીનગર અંતિમધામ સે-૩૦ તથા સરગાસણ અંતિમધામ ખાતે જેમના અગ્નિ સંસ્કાર થયા હોય તેમના સ્વજનોને તેમના આપ્તજનના અસ્થિ વિસર્જનની પ્રાર્થના તથા પુષ્પાંજલિ વખતે સે-૩૦ અંતિમધામ ખાતે તા. ૧૧-૩-૧૭ સવારે ૯.૧૫ કલાકે ઉપસ્થિત રહી પ્રાર્થના પુષ્પાંજલિમાં જોડાવા અનુરોધ કરાયો છે. અસ્થિ વિસર્જન ઉદય ત્રિવેદી તથા કરસનભાઈ પરમાર હરિદ્વાર તા. ૧૩-૩-૧૭ના રોજ સવારે ૯ થી ૧૧ દરમિયાન કરશે.

# ગાંધીનગરમાં કડી કેમ્પસ ખાતે પ્રથમ વખત મોક પાર્લામેન્ટ

## મોક-પાર્લામેન્ટમાં મહિલા અનામત ખરડો તેમજ રાજય લોકસભા-વિધાનસભાની ચુંટણી એક સાથે યોજવાના ખરડા પસાર

ગાંધીનગર, તા.૯

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ગાંધીનગરની બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને લોકશાહી પરંપરા તેમજ વૈધાનિક બાબતોને શીખવવાના અનોખો પ્રયોગના ભાગરૂપે આજે કોલેજના કુલ ૬૨ વિદ્યાર્થીઓએ મોક પાર્લામેન્ટમાં ભાગ લીધો હતો. તમામ વિદ્યાર્થીઓએ આ પાર્લામેન્ટમાં ફક્ત ભાગ નહોતો લીધો પણ તેને જીવંત બનાવી દીધી હતી. આ સમગ્ર કાર્યક્રમ માટે યુનીવર્સીટીના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલ દ્વારા સમગ્ર કાર્યકર્મ માટે શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

આજની પાર્લામેન્ટ કડી સર્વ વિશ્વ વિદ્યાલય યુનીવર્સીટીના ડાયરેક્ટર ડી.ટી. કાપડિયા દ્વારા આજની મોક પાર્લામેન્ટને ખુલ્લી મુકવામાં આવી હતી. તેમજ વિદ્યાર્થીઓને મોક પાર્લામેન્ટના સમગ્ર સત્ર દરમ્યાન બંધારણની બાબતોને વધુમાં વધુ જાણવા માટે અનુરોધ કર્યો હતો.

ગુજરાત સરકારના પ્રોટોકોલ વિભાગના ડીવાયએસઓ નિકોલ્સન તેમજ વિધાનસભાના અધિકારીઓ દ્વારા પણ વિદ્યાર્થીઓને વિધાનસભા મુલાકાત બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓએ દેશ હિતને સ્પર્શતા તમામ મુદ્દાઓનો સમાવેશ આ મોક પાર્લામેન્ટ માં કર્યો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રશ્નકાળ દરમ્યાન સરકારના વિભિન્ન વિભાગોને લગતા કુલ ૨૪ પ્રશ્નો ચર્ચ્યા હતા. અને તેના સમાધાન માટે કોશિશ કરી હતી. સરકાર કર ના શિક્ષણ, પર્યટન, કૃષિ, ગૃહ, વિદેશ સહીત તમામ પ્રશ્નો યુવા વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવ્યા હતા. તેમજ આ પ્રશ્નોનું નિરાકરણ કઈ રીતે થઈ શકે તે માટે વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સુચન કરવામાં આવ્યા હતા.



ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા આજે બે ખરડા મોક પાર્લામેન્ટમાં પસાર કરવા માં આવ્યા હતા. જેમાં મહિલા અનામત બીલ તેમજ લોકસભા તેમજ વિધાનસભાની ચુંટણી એક સાથે થાય તે માટેનો ખરડો પસાર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત આ મોક વિધાનસભામાં શિક્ષણ, મેટ્રો-બુલેટ ટ્રેન, પ્રવાસન ક્ષેત્ર, નર્મદા સિંચા યોજના, વિદેશ નીતિ, સિંધુ જળ સમજુતી, કાશ્મીર સમસ્યા, વિજળીની સમસ્યા, રસ્તાઓની સમસ્યા, પરિવહનની સમસ્યા, સ્વાસ્થ્ય, સંચાર વ્યવસ્થા, રોજગારી, આર્થિક ક્ષેત્રને સ્પર્શતા તેમજ આતંકવાદ સહિત અનેક પ્રશ્નો યુવાનો દ્વારા ચર્ચાયા હતા. હની વ્યાસ દ્વારા અધ્યક્ષની ભૂમિકા ભજવવામાં આવી હતી. ઉપાધ્યક્ષ તરીકે કાજલ ચૌધરીએ ભૂમિકા ભજવી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ ડૉ. જયેશ તન્ના, ધર્મેન્દ્ર રાઠોડ, પ્રો. આશિષ ભુવા તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## અવસાન નોંધ

● સામાન્ય વહીવટ વિભાગમાં કાર્યરત રાજુલ એન. ભટ્ટના માતૃશ્રી સ્વ. સુધાબેનનું બેસણું તા. ૧૦-૩-૨૦૧૭ને શુક્રવારના રોજ સવારે ૮ થી ૧૧ કલાકે તેમના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૦૭૮/૧, સે-૧૩-સી, ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે.

● સ્વ. નવુબા પૃથ્વીસિંહ વાઘેલા, પેથાપુરનું દુઃખદ અવસાન તા. ૪-૩-૨૦૧૭ના રોજ થયેલ છે. જેઓનું બેસણું મુ.પો. પેથાપુર પાલૈયા, મહાકાળી મંદિર હોલ સમય સવારે ૯ થી ૧ કલાક તા. ૧૦-૩-૨૦૧૭ શુક્રવારના રોજ રાખેલ છે.

## ચિરવિદાય

- સ્વ. વિકાસ કિશ્ના યાદવ, ઉ.વ. ૨૪
- સ્વ. સુધાબેન નરેશકુમાર ભટ્ટ, ઉ.વ. ૮૦